# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## એકમ કસોટી - 3 : 2020-21

**ધોરણ-9**

Time : 45 Minutes **વિષય : ગુજરાતી (દ્વિતીય ભાષા)** Total Marks : 25

**સૂચના : આ પ્રશ્નપત્રમાં કુલ 6 પ્રશ્નો છે. જે તમામ ફરજીયાત છે. ઉત્તરો તમારી એકમ કસોટી નોટબુકમાં લખવાના છે.**

**પ્રશ્ન-1 નીચે આપેલા જોડકાં યોગ્ય રીતે જોડો.** **3**

| | અ-કૃતિ | | બ-પ્રકાર |
|---|---|---|---|
| 1. | આભાર | અ. | એકાંકી |
| 2. | સિંહનું મૃત્યુ | બ. | ગીત |
| 3. | નવસર્જનની વાટે | ક. | નવલકથા ખંડ |
| | | ડ. | સૉનેટ |

**પ્રશ્ન-2 નીચે આપેલા પ્રશ્નોના એક વાકયમાં ઉત્તર આપો.** **3**

1. ગુજરાતી ભાષા જવાથી લેખકને કયો ભય દેખાય છે ?
2. 'દિલનો દીવો' કાવ્યમાં ''કોડિયું તારું કાચી માટીનું'' એટલે શું ?
3. ''સાવજ સીધો હાલ્યો ગ્યો હોત તો કાંય થવાનું નોતું'' આ વાક્ય કોણ બોલે છે ?

**પ્રશ્ન-3 નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર આપો. (કોઈપણ બે)** **4**

1. ''અમો સૌના ઋણી'' એવું કવિ શા માટે કહે છે ?
2. સાસણ અને આજુબાજુના ગામમાં બંધ શા માટે પાળ્યો હતો ?
3. પારકાં તેજ અને છાંયા ઉછીના લેવાની કવિ કેમ ના પાડે છે ?

**પ્રશ્ન-4 નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો. (કોઈપણ એક)** **3**

1. લંડન મુલાકાતના લેખકના અનુભવો વર્ણવો.
2. નૂતનયુગના પ્રવાસી કેવા હોય ?

**પ્રશ્ન-5 માગ્યા મુજબ લખો.** **7**

1. ''કપોત'' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધીને લખો.
   (અ) કપૂત (બ) કબૂતર (ક) કાજળ
2. ''પ્રગતિ'' શબ્દનો વિરોધી શબ્દ લખો.
   (અ) વિકાસ (બ) સર્જન (ક) અધોગતિ
3. નીચે આપેલ વર્ણોને લિપિક્રમમાં ગોઠવો.
   મો, મિ, મ, મૈ
4. નીચે આપેલ શબ્દોને કોશ ક્રમ પ્રમાણે ગોઠવો.
   કૈલાશ, ગોવર્ધન, પરદેશ, ઘર, ચકલી, દર, નજર, સાપ
5. નીચે આપેલ શબ્દોમાંથી સ્ત્રીલિંગ શબ્દ ઓળખાવો.
   (અ) સરિતા (બ) સરોવર (ક) તળાવ

6. ''દાંત'' શબ્દનું વચન બદલો.

(અ) દાંતો (બ) દાંત (ક) દાંતિયો

7. નીચે આપેલ શબ્દમાંથી સાચી જોડણી શોધો.

(અ) કીર્તિ (બ) પ્રતીક્ષા (ક) પિંછા

**પ્રશ્ન-6 (અ) નીચે આપેલ ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલ પ્રશ્નોનાં ઉત્તર આપો.** **2**

''સમયની મૂડી તો દરેક પાસે સરખી જ હોય છે. પણ તેને ખર્ચવામાં તફાવત હોય છે. એક વ્યક્તિ તેને કરકસરથી, યોજનાપૂર્વક અને વ્યવસ્થિત રીતે ખર્ચે છે, જ્યારે બીજી વ્યક્તિ તેને આડેધડ અને અવિચારીપણે વેડફી નાંખે છે, પરિણામે એકને સંતોષ અને સફળતા મળે છે, બીજાને થાક અને નિષ્ફળતા. જે વ્યક્તિને પોતાનો સમય વાપરતા આવડતુ નથી, તેને કશું જ વાપતા આવડતું નથી.''

પ્રશ્નો : 1. દરેક માણસ પાસે કઈ મૂડી સરખી જ છે ?

2. કોને સંતોષ અને સફળતા મળે છે ?

**(બ) નીચે આપેલ પંક્તિનો વિચાર વિસ્તાર કરો.** **3**

1. ચડે પડે જીભ વડે જ માનવી

**અથવા**

2. વિદ્યા પુસ્તકમાં અને પરકબજામાં ધન,
ભીડ પડે કામ ના'વે એ વિદ્યા ને ધન.

---------